NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## ધ્વજવંદન

૭૧માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે નવસારી કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડો. સી. જે. ડાંગરીયા સાહેબના પ્રમુખસ્થાને ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામા આવેલ છે. આ પ્રસંગની ઉજવણીમાં સર્વે અધિકારીશ્રીઓ, પ્રાધ્યાપકો, વૈજ્ઞાનિકશ્રીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓ, તેમજ કૃષિ પરિવારના તમામ ભાઈ-બહેનો અને બાળકોને ઉજવણીમાં સહભાગી થવા નીચે જણાવેલ સ્થળે પધારવા ભાવભીનું આમંત્રણ પાઠવવામા આવે છે.

તારીખ : ૧૫/૦૮/૨૦૧૭, (મંગળવાર) સમય: સવારે ૦૮:૩૦ કલાકે

સ્થળ : યુનિવર્સિટી ભવન, ન.કૃ.યુ., નવસારી ખાંતે

જા.નં.નકૃયુ/નિવિક/સ્વાતંત્ર્ય દિન/ટે.૨/ઇ-પરિપત્ર/૨૧૯૪-૨૮૭૫/૨૦૧૭

તા. ૫/૦૮/૨૦૧૭

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

<u>નકલ સવિનય રવાના પ્રતિ:</u>

૧. તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૨. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૩. તમામ યુનિટ/સબયુનિટ વડાશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૪. કાર્યપાલક ઈજનેરશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ તેમજ ધ્વજવંદનનો સ્તંભ અને નીચે મુજબની નોંધ મુજબ બસની જરૂરી વ્યવસ્થા કરવા સારૂ.
૫. ચેરમેનશ્રી, વિદ્યાર્થી સંઘ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તેમજ પ્રસાદી ખરીદી અને વહેંચણીની વ્યવસ્થા કરવા સારૂ.
૬. ચેરમેનશ્રી, વિદ્યાર્થી સંઘ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તેમજ ધ્વજવંદન પ્રસંગે માઇક સીસ્ટમની સુચારૂ વ્યવસ્થા કરવા સારૂ.
૭. તમામ મહાવિદ્યાલયના ગૃહપતિશ્રી/મદદનીશ ગૃહપતિશ્રી તરફ જાણ તેમજ વિદ્યાર્થીઓને ધ્વજવંદનમાં હાજર રહેવાની સૂચના આપવા સારૂ.
૮. ડો. આદીલ કાઝી, પ્રો. જી. વી. સવાણી, એન.સી.સી. ઓફિસર અને મદદનીશ પ્રાધ્યાપક, અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તથા એન.સી.સી. કેડેટસ સહિત ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહેવા સારૂ.
૯. ફીઝીકલ ઇન્સ્ટ્રકટરશ્રી તરફ સ્વચ્છ રાષ્ટ્રીય ધ્વજ ઉપલબ્ધ કરી ધ્વજવંદનની કાર્યવાહી કરવા સારૂ.
૧૦. પ્રોગ્રામ ઓફિસરશ્રી, રાસેયો (NSS), નવસારી ખાતેની તમામ મહાવિદ્યાલય તરફ જાણ તથા આપની કોલેજના NCC/NSS વિદ્યાર્થીઓને ડ્રેસ સ્કાફ સાથે ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહેવા જણાવશો.
૧૧. સિક્યુરીટી ઓફિસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તેમજ ધ્વજા રક્ષક તથા કમાન્ડરની જવાબદારી અદા કરવા સારૂ.
૧૨. તમામ નોટીસ બોર્ડ તરફ બહોળી પ્રસિદ્ધિ અર્થે.

<u>નોંધ</u>:- નવસારી શહેરથી કોલેજ ઉપર આવવા માટે યુનિવર્સિટી બસની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. યુનિવર્સિટીની બસ ડેપો ઉપરથી સવારે ૦૭:૩૦ કલાકે ઉપડશે તો પરિવાર સહ પધારવા વિનંતી.